# જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ

બેઉલાહ અલાયન્સ ચર્ચ કમ્પાઉન્ડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. ફોન : ૨૨૭૭૪૩૦૫
E-mail - jsm2277@gmail.com, Website : www.jivansandesh.org

**"હે મારા આત્મા યહોવાની સ્તુતિ કર"**
(ગી.શા. ૧૪૬:૧)

ખાનગી વિતરણ માટે

**ઑક્ટોબર - ૨૦૨૨**

Go....Make Disciples

## New Application




## દર્શન વિધાન

"ખોવાયેલાઓને શોધવા તથા શોધેલાઓને શિષ્ય બનાવવા."

## સેવાકાર્યો

- ★ મલ્ટીમિડીયા સેવા
- ★ પધ્ધતિસરનું ફોલોઅપ
- ★ શિષ્યપણાની તાલીમ
- ★ યુગલ સમૃદ્ધિ શિક્ષણ
- ★ નારી જીવન સંચાર

## સેવાકાર્ય વિધાન

- ★ જેઓ સત્યની શોધ કરી રહ્યાં છે તેઓને સરળતાથી, સ્પષ્ટતાથી તથા અધિકાર સાથે પધ્ધતિસર ઈશ્વરનાં વચનો શીખવવા.
- ★ જેઓને પ્રભુ ઈસુની (સત્યની) અંગત ઓળખ થઈ છે તેઓને આધ્યાત્મિક પરિપકવતા તરફ વૃદ્ધિ આપવા માટે તથા આધ્યાત્મિક નેતાગીરી માટે તાલીમ આપવી અને સુસજ્જ કરવા.

**પ્રિય પ્રાર્થના મિત્રો,**

આપણાં પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં નામમાં આપ સર્વને જીવન સંદેશ તરફથી પ્રેમી કુશળતા. આપ સર્વની નિયમિત પ્રાર્થનાઓ, ઉદાર દાનો તથા સતત ઉત્તેજન, સાથ-સહકાર માટે અમે હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ અને તે માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ છીએ.

આપણે જે દિવસથી ખ્રિસ્તને ઈસુ પ્રભુ તરીકે અને મુક્તિદાતા તરીકે સ્વીકાર્યા તે જ દિવસથી આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં શિષ્ય બન્યાં છીએ. આપણે સતત તેમને અનુસરવાનું છે. સતત તેમનામાં રહેવાનું છે. સતત બીજાઓને શિષ્ય બનાવવાનાં કાર્યમાં સક્રિય રહેવાનું છે.

ઈસુએ આપેલા મહાન આદેશમાં ઈસુ તેનાં અનુયાયીઓને જઈને સર્વ દેશનાઓને શિષ્ય બનાવવાનું તેડું આપ્યું છે (માથ્થી ૨૮:૧૯). આ તેડું આપણ સર્વને માટે છે. ખ્રિસ્તીઓ તરીકે આપણને ફક્ત ઈસુના શિષ્યો બનવા માટેનું જ આમંત્રણ નથી, પરંતુ તેમના માટે શિષ્ય બનાવવા માટેનો આદેશ પણ છે. આપણી આધ્યાત્મિક વૃદ્ધિનું મૂલ્યાંકન કેવી રીતે કરવું અને જે લોકોની આપણે કાળજી લઈએ છીએ તેમનાં જીવનમાં કેવી અર્થપૂર્ણ રોકાણ કરવું તે અંગેની સચોટ માહિતી નેવિગેટર સેવા દ્વારા આપવામાં આવી છે.

આપણે જે જે વ્યક્તિઓનાં સંપર્કમાં છીએ અને જેમની કાળજી રાખીએ છીએ, તેમના જીવનમાં કેવી રીતે અર્થપૂર્ણ રોકાણ કરી શકીએ તે માટે નેવિગેટર સેવા દ્વારા આધ્યાત્મિક વૃદ્ધિ માપવાનો નકશો આપ્યો છે, તે આપણે જોવાં માંગીએ છીએ.

**શિષ્ય બનાવનારનાં પાંચ લક્ષણો :**

**(૧) ઈસુ :**

શિષ્ય બનાવનારાં ખ્રિસ્તને જાણવાની, પ્રેમ કરવાની અને તેમનાં જેવાં બનવાની ઉત્સુકતા.

"વળી, ખ્રિસ્ત ઈસુ મારા પ્રભુના જ્ઞાનની શ્રેષ્ઠતાને લીધે, હું એ બધાંને હાનિ જ ગણું છું. એને લીધે મેં સર્વનું નુકસાન સહન કર્યું, અને તેઓને કચરો જ ગણું છું, જેથી હું ખ્રિસ્તને પ્રાપ્ત કરું, અને તેમની સાથે એકરૂપ થાઉં, અને નિયમ (શાસ્ત્રના પાલન)થી મારું જે ન્યાયીપણું છે તે નહિ, પણ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા ઈશ્વરથી જે ન્યાયીપણું વિશ્વાસથી મળે છે, તે મારું થાય. એ માટે કે હું તેમને તથા તેમના પુનરુત્થાનના સામર્થ્યને તથા તેમનાં દુઃખોના ભાગિયાપણાને જાણું, એટલે તેમના મરણને અનુરૂપ થાઉં." ફિલીપી ૩:૮-૧૦.

શિષ્ય બનાવનારનાં ઈસુને અનુસરનારાં છે કે, જેઓને ઈસુને જાણવાની અને પ્રેમ કરવાની ઉત્સુકતા છે. તેઓ ઊંડાણથી હેતુસર તેમની સાથે આત્મીયતા રાખે છે. મિત્રો અને કુટુંબ સાથેની વ્યક્તિગત સેવા એ ઈસુ સાથે ગાળેલા ગાઢ સમયને લીધે વૃદ્ધિ પામે છે. આ લક્ષણનું ધ્યેય ઈશ્વરને જાણવા કરતાં વધારે છે. તે તેમને વ્યક્તિગત રીતે જાણવા અને તેમની સાથે નિકટતાથી ચાલવા વિશે છે.

**(૨) ઈશ્વરનું વચન :**

શિષ્ય બનાવનારાં ઈશ્વરનાં વચનને જાણે છે અને તેનાથી જીવે છે.

"દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે, તે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે. જેથી ઈશ્વરનો ભક્ત સંપૂર્ણ તથા સર્વ સારાં કામ કરવાને માટે તૈયાર થાય." ૨ તિમોથી ૩:૧૬-૧૭.

શિષ્ય બનાવનારાં ઈશ્વરનાં વચનને ચોકસાઈપૂર્વક હસ્તક લે છે. તેઓ જાણે છે કે, કેવી રીતે વાંચવું, અભ્યાસ કરવો, તેનાં વિષે વાત કરવી અને બીજાને સોંપવું. શિષ્ય બનાવનાર સત્યને સમજે છે અને જાણે છે કે, ઈશ્વરનું વચન જીવનનાં દરેક ક્ષેત્ર માટે માર્ગદર્શન આપનાર અને પૂરતું છે.

**(૩) સંપ્રદાય :**

શિષ્ય બનાવનારાં બાઇબલ પ્રમાણેનાં સંપ્રદાયને વળગી રહે છે.

“અને પ્રેમ રાખવાને તથા સારાં કામ કરવા અરસપરસ ઉત્તેજન મળે માટે આપણે એકબીજાનો વિચાર કરીએ. જેમ કેટલાક કરે છે તેમ આપણે એકઠાં મળવાનું પડતું ન મૂકીએ, પણ (આપણે એકબીજાને) ઉત્તેજન આપીએ, અને જેમ જેમ તમે તે દિવસ પાસે આવતો જુઓ, તેમ તેમ વિશેષ પ્રયત્ન કરો.” હિબ્રૂઓને પત્ર ૧૦:૨૩-૨૪.

પ્રભુએ આપણને અન્ય લોકો સાથે સંપ્રદાયમાં તેની સાથે ચાલવા માટે રચ્યાં છે. પ્રભુએ આપણને વિશ્વાસીઓની સાથે ચાલવા માટે રચ્યાં છે. શિષ્ય બનાવનાર એકબીજાને પ્રેમ અને સારા કાર્યો તરફ પ્રોત્સાહિત કરવા માટે વિશ્વાસીઓની મધ્યે સંપ્રદાય શોધવા, પાછળ લાગુ રહેવા અને નવાં બનાવવા ઈરાદાપૂર્વક ઈચ્છે છે. બાઇબલના સંપ્રદાયમાં પરિવારનો તેમજ ખ્રિસ્તના અનુયાયીઓનો સમાવેશ થાય છે. બાઇબલનો સંપ્રદાય પણ ખ્રિસ્ત વિહોણા લોકોને પણ પ્રભુ તરફ ખેંચે છે.

**(૪) ખોવાયેલાં :**

શિષ્ય બનાવનારાં જેઓ ખ્રિસ્તને જાણતા નથી અથવા અનુસરતા નથી તેમની વચ્ચે રહે છે.

“વળી અમે તમારા પર બહુ મમતા રાખીને, તમને માત્ર ઈશ્વરની સુવાર્તા (પ્રગટ કરવાને જ) નહિ, પણ અમારા જીવો પણ આપવાને રાજી હતા, કારણ કે, તમે અમને બહુ પ્રિય થઈ પડ્યા હતા.” થેસ્સાલોનિકીઓને પહેલો પત્ર ૨:૮.

શિષ્ય બનાવનારાં ખ્રિસ્ત વિહોણા લોકોમાં ગુણવત્તાયુક્ત સમય વિતાવે છે. તેઓ પ્રેમ કરવા, સેવા કરવા અને સુવાર્તા સમજાવવામાં હેતુપૂર્ણ સમય આપે છે. તેઓ મહાન આદેશ (માથ્થી ૨૮:૧૯) માટે દ્રઢ મનોબળવાળું સમર્પણ અને ખ્રિસ્ત વિહોણા લોકો પ્રત્યે અનુકંપા ધરાવે છે. શિષ્ય બનાવનારાં તેમનાં શબ્દો અને જીવન દ્વારા સુવાર્તા પ્રગટ કરે છે અને તેને સમર્થન આપે છે.

**(૫) આધ્યાત્મિક પેઢીઓ :**

શિષ્ય બનાવનારાં આધ્યાત્મિક પેઢીઓ દ્વારા સુવાર્તાને વેગ આપે છે.

“જે વાતો ઘણા સાક્ષીઓ સમક્ષ તેં મારી પાસેથી સાંભળી છે તે બીજાઓને પણ શીખવી શકે એવા વિશ્વાસુ માણસોને સોંપી દે.” તિમોથીને બીજો પત્ર ૨:૨.

શિષ્ય બનાવનારાં અન્ય લોકોને તારણહાર અને પ્રભુ તરીકે ખ્રિસ્તની નજીક લઈ જવા વ્યક્તિગત રીતે સંકળાયેલા છે. તેઓ અવિશ્વાસીઓને પોતાનાં જીવનનાં અનુભવ દ્વારા પ્રભુ ઈસુ કોણ હોવાનો દાવો કરે છે તે સમજ આપી યુવાન વિશ્વાસીઓને તેમના વિશ્વાસમાં સ્થાપિત કરે છે. શિષ્ય બનાવનારાં અન્ય જૂથોને ઈશ્વરનાં વચનોને અભ્યાસ કરવા અને તેને લાગુ કરવા દોરવણી આપે છે. અમલ કરવામાં અન્ય જૂથોનું નેતૃત્ત્વ કરી શકે છે. જે કંઈ પણ અન્ય લોકોને ખ્રિસ્તની નજીક જવા માટે મદદ કરે છે તે શિષ્યપણું છે. શિષ્ય બનાવનારાં અન્ય લોકોને મિત્રોના આધ્યાત્મિક વિકાસમાં રોકાણ કરીને એક દૃષ્ટિ કેળવવામાં મદદ કરે છે કે, જે ઈસુને અનુસરતી નવી આધ્યાત્મિક પેઢીઓ પર અસર કરે છે.

ચાલો, ત્યારે પ્રભુ ઈસુના મહાન આદેશને આધીન થઈને શિષ્યપણાનાં શિક્ષણમાં આગળ વધીએ કારણ તેમ કરવા કોઈ પણ આપણને રોકી કે અટકાવી શકે તેમ નથી. કારણ પ્રભુ જગતનાં અંત સુધી આપણી સાથે છે.

ખ્રિસ્તમાં સાથી સેવક,
**શ્રી ડેવિડ ક્રિશ્ચિયન**
જીવન સંદેશ મિનીસ્ટ્રી



# જીવન સંદેશ મલ્ટીમિડીયા સેવા

જીવન સંદેશનો ધ્યેય ગુજરાતનાં લોકોની બાઇબલ સાક્ષરતા વધારવા, લોકોને બાઇબલનું શોધન કરતાં, તેનાં લેખક સાથે જોડાયેલા રાખવા કે જેથી આપણા પ્રભુ અને તારણહાર ઈસુ ખ્રિસ્તની કૃપા અને જ્ઞાનમાં વૃદ્ધિ પામતાં રહે. તેથી યુ ટ્યુબ ચેનલ પર પ્રભુનાં વચન સ્પષ્ટતાથી શીખવનાર ઉપદેશકો અને શિક્ષકોનો ઉપયોગ કરવો.

## Jivan Sandesh Youtube Channel (July-August-2022)

| Month | Series | Episodes | Viewers |
|---|---|---|---|
| July | Great Questions in the New Testament | 4 | 789 |
| July | નહેમ્યાને માર્ગે પુનઃ નિર્માણ | 1 | 291 |
| Aug. | નહેમ્યાને માર્ગે પુનઃ નિર્માણ | 4 | 1004 |
| | **Total** | **9** | **2084** |

**નવા વિડીયો સોંગ :**

સપ્ટેમ્બર માસમાં ૨ નવા ગુજરાતી ખ્રિસ્તી ગીત (વિડીયો) પ્રસારિત થશે. તા.૧૦ અને ૧૭ સપ્ટેમ્બર (શનિવારે) રાત્રે ૮:૦૦ કલાકે આવશે.

★ ગીત ૧ : “આકાશેથી ઉતરી...”
શબ્દ રચના, સ્વર રચના અને સ્વર : શ્રી જેક્સન ક્રિશ્ચિયન
સંગીત : શ્રી અર્પણ મહિડા

★ ગીત ૨ : “અમારા પિતા ઈશ...” (ભજનસંગ્રહ ગીત-૩૦૫)
શબ્દ રચના : શ્રી થોમાભાઈ પાથાભાઈ, સ્વર રચના : શ્રી જેક્સન ક્રિશ્ચિયન
સ્વર : શ્રી એલિસન ક્રિશ્ચિયન, સંગીત : શ્રી રિચર્ડસન મેક્વાન

**આવનાર કાર્યક્રમ :**

તા.૨૪ સપ્ટેમ્બરથી દર શનિવારે એક નવી શ્રેણી ‘પહાડ પરનું ભાષણ’ પ્રસારિત કરવામાં આવશે. આ શ્રેણીમાં રેવ. વિનફ્રેડ અમીન શિક્ષણની સેવા આપશે.

## Jivan Sandesh Application (July-August-2022)

| Series | Episodes |
|---|---|
| Great Question in the New Testament | 10 |
| Dialy Devotion | 60 |
| Manna | 20 |

- જીવનસંદેશ એપ્લીકેશનને ૨૫ દેશોમાંથી ૨૧૩૭ વ્યક્તિઓ દ્વારા જીવન સંદેશ એપ્લીકેશનને સાંભળવામાં આવી.
- આવતા દિવસોમાં નહેમ્યાના પુસ્તકનો અભ્યાસ રેવ. ડૉ. હેમંત પરમાર દ્વારા શિક્ષણ આપવામાં આવશે.

## જીવનસંદેશ ફોલોઅપની સેવા

પ્રભુનો આભાર માનીએ છીએ કે, પત્રવ્યવહાર દ્વારા અને ફોન કરીને ઈશ્વરના વચન મારફતે પત્ર મિત્રોને ઉત્તેજન આપવામાં આવ્યું કે, જેથી તેમની સાથે સંપર્ક ચાલું રહ્યો છે. મિત્રોને પ્રભુનાં વચન દ્વારા ઉત્તેજન આપ્યું કે, ''ઈસુ ખ્રિસ્ત કે, જે ખરો જીવનનો સ્ત્રોત છે. તે પોષણના સ્ત્રોતથી દૂર રાખશો તો તમે જલ્દીથી સૂકાઈ જશો.'' તેથી જ આપણે તેમનાં વચન અને પ્રાર્થના દ્વારા પ્રભુ સાથે જોડાયેલાં રહીએ અને બીજાઓને આશીર્વાદરૂપ બનીએ. ફોલોઅપનાં કાર્યમાં પ્રભુ રેનીસનભાઈ માર્ગદર્શન અને દોરવણી આપી રહ્યાં છે માટે પ્રભુનો આભાર માનીએ છીએ.

દર બુધવારે રાત્રે ૯:૦૦ કલાકે ઝૂમ એપ્લીકેશન પરથી શિષ્યપણાની રચનાનો અભ્યાસ કરાવવામાં આવે છે. શ્રી રેનીસનભાઈ આ બાઈબલ અભ્યાસમાં દોરવણી આપે છે. ૧૦ થી ૧૨ વ્યક્તિઓ ભાગ લઈ રહી છે. આ સર્વ માટે પ્રભુનો આભાર માનીએ છીએ.

## શિષ્યપણાની સેવા

પ્રભુની કૃપાથી આજ સુધી સેંકડો વ્યક્તિઓને પ્રભુ ઈસુનાં શિષ્ય બનવા પદ્ધતિસરનું શિક્ષણ તથા બીજાઓને શિષ્ય બનાવવા સંબંધી તાલીમ અને શિક્ષણ આપી શક્યા. તેથી પ્રભુની સ્તુતિ કરીએ છીએ.

### દક્ષિણ ગુજરાતનાં ભાઈઓ અને બહેનો માટે
### ૨:૭ શ્રેણી શિષ્યપણાંનો તાલીમ સેમિનાર

મિત્રો ૨:૭ શ્રેણી શિષ્યપણાંના તાલીમ સેમિનારનો હેતુ એ છે કે, જેઓ ભાગ લે તેઓ શીખવા મળતા સત્યોનું જીવનમાં અમલીકરણ કરવા દ્વારા તેઓ અધ્યાત્મિક રીતે વધુ પરિપક્વતા તરફ આગળ વધે અને પોતાની મંડળી તથા સંસ્થા માટે અસરકારક આધ્યાત્મિક આગેવાની આપવા સક્ષમ બની શકે. જે કોઈ ૨:૭ શ્રેણી શિષ્યપણાના તાલીમ સેમિનારમાં શીખવાની વૃત્તિ અને વૃદ્ધિ પામવાની ઈચ્છા રાખે છે. તો મિત્રો, તે પ્રભુનાં વચનોમાં ક્લોસી ૨:૭માં જણાવ્યા પ્રમાણે જડ નાખેલા તથા સ્થપાયેલા બની શકે છે.

૨:૭ શ્રેણી શિષ્યપણાંનો તાલીમ સેમિનાર દક્ષિણ ગુજરાતનાં ભાઈઓ અને બહેનો માટે ૧૭-૨૦ ઓગસ્ટ ૨૦૨૨ આધ્યાત્મિક જીવન કેન્દ્ર ભરૂચમાં કરવામાં આવ્યો. ૪૬ વ્યક્તિઓ દક્ષિણ ગુજરાતનાં જુદાં જુદાં વિસ્તાર જેવાં, સેલવાસ, ડાંગ, વલસાડ, ધરમપુર, મઢી અને ભરૂચની જુદી જુદી મંડળીઓમાંથી ભાગીદાર થયા. આ સેમિનારમાં શ્રી મધુ ક્રિશ્ચિયન તેમજ જીવન સંદેશ સ્ટાફ શ્રી ઈનોક ક્રિશ્ચિયન, શ્રી રેનીસન ક્રિશ્ચિયન, શ્રી જેક્સન ક્રિશ્ચિયન અને શ્રી ડેવિડ ક્રિશ્ચિયને પ્રભુનાં વચનોમાંથી શિષ્યપણાંના જુદાં જુદાં વિષયો ઉપર શિક્ષણ આપ્યું. શ્રી રોની ઠાકોર આ સેમિનાર દરમ્યાન મદદરૂપ બન્યો. આ સર્વ માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ છીએ.

૨:૭ શ્રેણી શિષ્યપણાંના તાલીમ સેમિનારમાં જુદાં જુદાં વિષયો ઉપર શીખવવામાં આવ્યું. નીચે આપેલા પ્રતિભાવમાં ભાગ લેનારનો પ્રતિભાવ જોવા મળે છે.

- આ સેમિનારમાં ભાગ લેવાથી બાઈબલનાં વચનોનો સાચો અને ગૂઢ અર્થ અને જીવનને લગતી બાબતો શીખવા મળી. વચનને કેવી રીતે ખોતરી ખોતરીને અભ્યાસ કરવો અને એ શું કહેવા માંગે છે તેનાં પર મનન કરવું એ શીખવા મળ્યું.
- **બધાનો એક જ પ્રતિભાવ મળે છે કે, ''ક્યારે પણ શીખ્યા નહોતા એવું આ સેમિનારમાં અમને શીખવા મળ્યું.''**
- આજથી હું યોગ્ય કાર્ય કરવાં અને દરેક સમયનો પ્રભુ માટે ઉપયોગ કરવા માગું છું.
- આ સેમિનારમાં બાઈબલ અભ્યાસ કેવી રીતે કરવો તે પદ્ધતિસર શીખવા મળ્યું. બાઈબલ અભ્યાસમાં જે પગથિયાં અવલોકન, અર્થઘટન અને લાગુકરણ બહુ જ સરસ સમજાવ્યાં તે માટે આભાર માનું છું.



- ઘણાં બધાએ નિર્ણય કર્યો કે, અમે જે રીતે વચનો શીખ્યા તે જ રીતે અમે દરરોજ વચનો વાંચીશું અને મનન કરીશું અને વચન પ્રમાણે ચાલીશું.
- આ સેમિનાર દરમ્યાન મેં ખ્રિસ્ત ઈસુ પ્રભુને સ્વીકાર્યા છે અને તેનામાં ચાલુ. તેનામાં જડ ઘાલેલા તથા સ્થપાયેલા થઈને મળેલી શિખામણ પ્રમાણે વિશ્વાસમાં દ્રઢ રહીને તેની વધારે ને વધારે આભારસ્તુતિ કરું છું. આ સેમિનારમાં આજથી મારું હૃદય એ જ ખ્રિસ્તનું ઘર છે અને મારાં ઘરની ચાવી તેમને સોંપી દીધી. આ સેમિનારમાં નિર્ણય કર્યો છે કે, સવારે ઊઠીને બાઈબલ વાંચીશ અને પ્રાર્થના કરીશ.








## યુગલ સમૃદ્ધિ સેવા

**લગ્ન એ ઈશ્વરનાં હૃદયનો વિચાર છે. ઈશ્વર કેવી દૃષ્ટિથી લગ્નને જુએ છે તે ઈશ્વરનાં વચનોમાંથી શીખવવામાં આવશે. "પાણી આવે તે પહેલાં કેવી રીતે પાળ બાંધવી અને જીવનનાં તોફાનમાં કેવી રીતે સાથે ઊભા રહેવું તે શીખવવામાં આવશે. તો મિત્રો, આ સુવર્ણ તક રખેને ભૂલતા. આજે જ તારીખ નોંધી લેશો અને સાથે સાથે બીજા મિત્રોને પણ જણાવશો. જીવન સંદેશ દ્વારા અમદાવાદ શહેરની મંડળીઓ માટે "ઑક્ટોબર ૫મીએ એક દિવસનો યુગલ સેમિનાર બેઉલાહ અલાયન્સ ચર્ચમાં" રાખવામાં આવ્યો છે.**

# નારી જીવન સંચાર સેવા

## બાઇબલ ક્વીઝ - પ્રેરિતોનાં કૃત્યો

નારી જીવન સંચાર સેવા દ્વારા બાઈબલ ક્વિઝનું આયોજન ચોક્કસ હેતુ સાથે કરવામાં આવે છે કે, બહેનો પ્રભુનાં વચન કાળજીપૂર્વક વાંચે. **કોઈ પણ બહેન બાઇબલ ક્વિઝની તૈયારી માટે બાઇબલ વાંચે છે ત્યારે તેનો નંબર આવે કે ન આવે, પણ તે વિજેતા છે.** તેનાથી પ્રભુનાં જ્ઞાનમાં વૃદ્ધિ પામતાં જાય છે અને સાક્ષી આપવાની ક્ષમતા વધે છે. ૨૪ જુલાઈ ૨૦૨૨મી એ પ્રેરિતોના કૃત્યનાં પુસ્તક ઉપર બાઈબલ ક્વીઝ બપોરે ૨:૦૦ થી ૪:૦૦ ના સમયમાં બેઉલાહ અલાયન્સ ચર્ચમાં રાખવામાં આવી. સખત વરસાદ હોવા છતાંય ૧૯ બહેનોએ ભાગ લીધો. તેથી પ્રભુનો આભાર માનીએ છીએ.






## વુમન રીટ્રીટ

બહેનોને તેમનાં આધ્યાત્મિક અને સામાજિક જીવનમાં વિકાસ થાય. વ્યાવહારિક જીવનનાં પ્રશ્નોમાં ઉત્તેજન અને દોરવણી મળે. બહેનો મંડળી, સમાજ, કુટુંબ, વ્યવસાય તથા અન્ય ક્ષેત્રોમાં અસરકારક સાક્ષીરૂપ જીવન જીવી શકે. તે ચોક્કસ હેતુ સાથે ઑગસ્ટ ૨૮, ૨૦૨૨મીએ એક દિવસની પ્રાર્થના મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. રવિવારે સવારે ૧૧:૩૦ થી ૪:૦૦ સુધી સમય દરમ્યાન બે સંદેશાઓ, ક્રિએટીવ ટાઈમ, બાઈબલ ક્વિઝનો સમય હતો કે, જે બહેનોના જીવનમાં ઉત્સાહ લાવ્યો. આ રીટ્રીટનો મુદ્રાલેખ : "મારી પ્રાર્થના તારી સન્મુખ ધૂપ જેવી થાઓ." ગી.શા.૧૪૧:૨(બ) હતો. શ્રીમતિ રીટાબેન એમ. ક્રિશ્ચિયન અને શ્રીમતિ જેક્વિલીન આર. ક્રિશ્ચિયને પ્રભુનાં વચનોમાંથી પડકારયુક્ત અને ઉત્તેજનદાયક વચનો દ્વારા પ્રાર્થના કેટલી અસરકારક અને મહત્ત્વની છે તે બહુ સરસ રીતે સમજાવ્યું. ૧૩૨ બહેનોએ બહુ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ સર્વને માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ છીએ.











## આભાર માનીએ...

૧. દક્ષિણ ગુજરાતનાં ચર્ચનાં પાળકો, આગેવાનો અને સંસ્થાના આગેવાનો અને ભાઈ બહેનો માટે ૨:૭ શ્રેણી શિષ્યપણાનાં તાલીમ સેમિનાર કરી શક્યા માટે.
૨. નારી જીવન સંચાર સેવા દ્વારા પ્રે.કૃ.નાં પુસ્તક ઉપર બાઈબલ ક્વિઝ કરી શક્યા માટે.
૩. નારી જીવન સંચાર સેવા દ્વારા એક દિવસની મહિલા રીટ્રીટ કરી શક્યા માટે.
૪. જીવન સંદેશનાં ગુજરાતી ફોલોઅપનાં કાર્ય માટે પ્રભુએ શ્રી રેનીસન ક્રિશ્ચિયનને જ્ઞાન અને ડહાપણ પૂરાં પાડ્યા માટે.
૫. મંડળીઓ તથા સંસ્થાઓમાં જીવન સંદેશ સ્ટાફને વચનો શીખવવાની તક મળી માટે.

## પ્રાર્થના કરીએ...

૧. જીવન સંદેશના સંપર્ક મિત્રો માટે ૬ થી ૯ નવેમ્બર શોધક મિત્ર (બહેનો માટે) સેમિનાર રાખવામાં આવ્યો છે.
૨. દર બુધવારે રાત્રે ૯:૦૦ કલાકે શિષ્યપણાની રચના બાઈબલ અભ્યાસ માટે.
૩. ઑક્ટોબર ૫મીએ એક દિવસનો યુગલ સેમિનાર બેઉલાહ અલાયન્સ ચર્ચમાં રાખવામાં આવ્યો છે.
૪. જીવન સંદેશની મલ્ટીમિડીયા સેવા માટે.
૫. જીવન સંદેશ બોર્ડ અને જીવન સંદેશ સંસ્થાના આગેવાનો, પરિવાર માટે.
૬. જીવન સંદેશ સ્ટાફ માટે.
૭. જીવન સંદેશના વાર્ષિક બજેટ ૨૫ લાખ માટે.
૮. જીવન સંદેશની સેવામાં સ્વૈચ્છિક રીતે દાન ઉઘરાવનાર વ્યક્તિઓ પ્રભુ પૂરાં પાડે.

**ગુજરાત અને ભારતમાંથી ઓનલાઈન દાન આપવા અંગેની માહિતી**

★ બેન્ક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા (૦૧૦૩૮) મણિનગર.
★ બેન્કનું સરનામું : રામજી મંદિર સામે, પુનિત આશ્રમ રોડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
★ બેંક એકાઉન્ટ : જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ
★ A/c No. : 10246210913 • Bank IFS Code : SBIN0001038